# યાચક વિદ્યાર્થી અને વાચક શિક્ષકનો સંગમ આજના શિક્ષણનું સ્વપ્ન

આજનો વિદ્યાર્થી અને આજનો શિક્ષક ખૂબ જ Bussy બની ગયાં છે. તેમનું આ બીઝીપણું તેમને અભ્યાસથી થોડે દૂર ખેંચી જાય છે. તેમને આ ખેંચાણમા ખેંચાઇ જવાનો આનંદ પણ આવે છે. આ ક્ષણભંગૂર આનંદ તેમના જીવન માટે કેટલાંક પ્રમાણમાં ઘાતક પણ નીવડે છે. આમછતાં ક્ષણભંગૂર આનંદ માટે ખેંચાઇ જતાં આ વિદ્યાર્થીઓ કે શિક્ષકો માટે શિક્ષણ-અભ્યાસ એ સાઇડ બીઝનેશ બની જાય છે. એ પણ એક વાસ્તવિકતા છે કે બંને પોતપોતાની જવાબદારી અને ફરજથી પરિચિત હોવાં છતાં અન્ય બાબતોને પોતાનું ધ્યેય કે ફરજ બનાવી લેતાં હોય છે. સરવાળે નુકશાન માત્ર તેમને જ નહીં પણ આખા સમાજને પણ થાય છે.

આજનો વિદ્યાર્થી પરીક્ષામાં બેસવા માટે જરૂરી હાજર દિવસ પૂર્ણ કરવા માટે જ શાળા-કોલેજમાં આવતો હોય તેવું લાગે છે. ઘણીવાર વિચાર ઝંઝળાવે છે કે, શાળા-કોલેજ માં હાજરી પૂરવામાં ન આવતી હોય અને આવવા-જવા પર કોઈ જ રોકટોક ન હોય તો કેટલાં વિદ્યાર્થી નિયમિતપણે પૂરો સમય શાળા-કોલેજમાં હાજરી આપે? તમારો ાને મારો જવાબ સમાન જ હશે. આવું કેમ? માટે જ કહી શકાય કે આજના વિદ્યાર્થી અને શિક્ષકો અભ્યાસેતર બાબતોમાં ખુબ જ Bussy બની ગયાં છે.

આજના વર્ગખમડની પરિસ્થિતિનો અનુભવ એ તારણ પર પહોંચાડે છે કે, આજના વિદ્યાર્થીને શિક્ષક સાથે ચર્ચા કરવાની કે કશુંક પણ પૂછવાની ઇચ્છા જ થતી નથી. હા, તેની પાછળ કયારેક કોઈ કારણ હશે જ. પણ એ કારણો એવાં તો નહીં જ હોય કે જે દૂર ન કરી શકાય. આજના વિદ્યાર્થીમાં વાંચીને કે શિક્ષકને પૂછીને જાણવાની ઇચ્છા શક્તિનો અભાવ અને ચલાવી લેવાની વૃત્તિનું પ્રમાણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જેના કારણે વર્ગખંડ કે શાળા-કોલેજના કેમ્પ્સમાં વિદ્યાર્થી-શિક્ષક વચ્ચેના સંવાદનો સૂર ભાગ્યેજ સાંભવા મળે છે. આજના વિદ્યાર્થીને શિક્ષક પાસે માંગતાં કે વિનંતી કરતાં શરમ આવે છે. જેનાં કારણો હોઈ શકે. પણ અહીં કારણ કરતાં પરિણામને વધુ પ્રાધાન્ય અપાવું જોઈએ. વિદ્યાર્થીએ પોતાની યાચકવૃત્તિને ઉછેરવી પડશે અને પછી ઉશ્કેરવી પડશે. તેની આ યાચકતામાં નમાલાપણાનાં નહીં પણ માલપણાંનાં દર્શન કરવા જોઈએ. સાર્થ જોડણીકોશ મુજબ “યાચક“ નો અર્થ વિનંતી, માંગણી, પ્રાર્થના એવો કરવામાં આવ્યો છે. તે મુજબ જોઈએ તો આ ત્રણે બાબતો વિદ્યાર્થી અવસ્થા માટે ખૂબ જ મહત્ત્વની ગણી શકાય. વિદ્યાર્થીને પોતાનું વિદ્યાર્થીપણું ખીલવવા માટે આ ત્રણે બાબતોને આસ્થાપૂર્વક સ્વીકારવી પડશે, દિલ અને દિમાગ સાથે જોડવી પડશે.

આજના વિદ્યાર્થીને શિક્ષક સામે પોતાના પ્રશ્નને રજૂ કરવામાં સંકોચ થતો જોવા મળે છે. આ સંકોચને સાચવી રાખવામાં સંતોષ માનતા વિદ્યાર્થીઓનો ભેટો સંતાપ સાથે થાય છે, સફળતા સાથે નહીં. વર્ગખંડમાં શિક્ષક દ્વારા પીરસવામાં આવતી વાનગીનો સાચો સ્વાદ ત્યારે જ મળશે કે જ્યારે તમે બરાબર ચાવી શકશો. સાચો સ્વાદ માણવાં અને તેનું શક્તિમાં રૂપાંતર કરવા માટે શિક્ષક સાથે

વધુમાં વધુ ચર્ચા કરો, પ્રશ્નો પૂછો. વિદ્યાર્થીએ એવી કેટલીક સામગ્રી સાથે વર્ગખંડમાં પ્રવેશ કરવો જોઇએ કે જેથી શિક્ષક સાથેના સંવાદમાં મજા પડી જાય. આ સમયે બંને પક્ષે સ્નેહ નિતરવો જોઇએ. પોતાને શું નથી આવડતું કે કઇ બાબતમાં શું મુશ્કેલી પડે છે કે વધારે જાણવાં માટે શું વાંચવું જોઇએ વગેરે માંગણી વિદ્યાર્થી દ્વારા વર્ગમાં તવી જોઇએ. અહીં એક નવો વિચાર મૂકવાની ઇચ્છા રોકી શકાતી નથી, કે દરેક તાસના અંતે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં માટે પાંચ મિનિટનો સમય ફાળવવામાં આવે છે તેમ વિદ્યાર્થીની યાચકતા માટે પણ ચાર-પાંચ મિનિટનો સમય ફાળવવો જોઇએ. જેમાં શિક્ષકે વર્ગખંડમાં જેનો અભ્યાસ કરાવેલ છે તેના અનુસંધાનમાં વિદ્યાર્થી શિક્ષકને પ્રશ્ન ો પૂછી પોતાની મૂઝવણ દૂર કરી શકે, પોતે વધુ સ્પષ્ટ બની શકે. જે માટે પ્રથમ તો વિદ્યાર્થીએ યાચક બનવું પડે.

વિદ્યાર્થીની વાત કરીએ ત્યારે શિક્ષકને પણ યાદ કરવો જ રહ્યો. એક પ્રશ્ન થાય છે કે આજે કેટલા શિક્ષકને ઘેર પોતાની અલગ નાની સરખી લાયબ્રેરી છે? આ તો એના જેવી વાત થઇ કે એક ખેડૂત હોય પણ તેની પાસે હળ, ગાડું , કોદાળી જેવાં ખેતીના ઓજાર ન હોય. તે ખેડૂત કેવી ખેતી કરતો હશે? તેનું પ્રોડક્શન કેટલું હશે? જો ખેડૂત માટે આવું વિચારતાં હોઇએ તો શિક્ષક માટે કેમ નહીં? જે શિક્ષક પૂરતું વાંચતો ન હોય તે વર્ગખંડમાં કેટલું અને કેવું ભણાવતો હશે? તેની સ્થિતિ પણ પેલાં ખેડૂત જેવી જ ગણાય. શું શિક્ષકે માત્ર પાઠયપુસ્તકમાં આપેલું જ ભણાવવાનું છે? જો એમ જ હોય તો કેટલાંક બાળકોના વાલી પણ તે કામ પોતાના ઘેર જ સારી રીતે કરી શકે તેમ છે. તો ત્યાં શિક્ષક કે શાળાની શી જરૂર પડે? આજે ઘણાં શિક્ષક અન્ય વ્યવસાયમાં એટલાં તો બીઝી બની ગયાં હોય છે કે બિચારાં તેમને વાંચવાનો સમય પણ મળતો નથી. પરિણામ ભોગવવું પડે છે પેલાં વિદ્યાર્થીઓને!

આપણે રાહ જોવી રહી કે શિક્ષક વાંચતો થાય. જો તે વાંચશે તો તેના વિદ્યાર્થીઓ પણ વાંચશે. વાચક શિક્ષક હશે તો યાચક વિદ્યાર્થી પણ મળશે અને જો યાચક વિદ્યાર્થી હશે તો વાચક શિક્ષક પણ મળશે. આ બંને માંથી એકની લોટરી લાગી જાય તો બીજી બાબત આપોઆપ ગોઠવાઇ જશે. પણ એટલી અધૂરી આશા કેમ રાખવી. આપણે સૌ ઇચ્છા, આશા, અરમાન અને શ્રદ્ધા રાખીએ કે યાચક વિદ્યાર્થી અને વાચક શિક્ષકનો સંગમ થાય. યાચક વિદ્યાર્થી અને વાચક શિક્ષક જીવંત પાત્રોના ઉદાહરણ છે. તેઓમાં ભારોભાર જીવંતતા ભરેલી હોય છે.